દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ
તારીખ :- ૦૫/૦૨/૨૦૨૬.


### 3 કોચની ટ્રેનમાં 800 મુસાફરની ક્ષમતા, ફ્રિકવન્સી-કોચ વધારવાની જરૂર ઊભી થઈ

# મેટ્રોના 70% મુસાફરો માત્ર વસ્ત્રાલ- થલતેજ વચ્ચે નોંધાયા, ડિસેમ્બરમાં સૌથી વધુ 46 લાખ

ઓમકારસિંહ ઠાકુર | અમદાવાદ

મેટ્રોમાં મુસાફરી કરતાં પેસેન્જરોમાં 70 ટકાથી વધુ ફક્ત ઈસ્ટ-વેસ્ટ કોરિડોર એટલે કે વસ્ત્રાલથી થલતેજ ગામ રૂટ પર મુસાફરી કરી રહ્યા છે. જ્યારે ડિસેમ્બર 2025માં અત્યાર સુધીની સૌથી વધુ 45.96 લાખ પેસેન્જરે મુસાફરી કરી હતી, જે દૈનિક સરેરાશ 1.48 લાખથી વધુ થાય છે. હાલ ઈસ્ટ-વેસ્ટ કોરિડોરમાં સવારે અને સાંજે પીકઅવર્સમાં દર 7 મિનિટે મેટ્રોનું સંચાલન થઈ રહ્યું છે, જ્યારે નોન પિકઅવર્સમાં દર 10 મિનિટે મેટ્રો દોડાવાય છે. નોર્થ-સાઉથ કોરિડોરમાં એપીએમસીથી મોટેરા સુધીના રૂટ પર મેટ્રો દર 12 મિનિટે ચલાવવામાં આવી રહી છે. જોકે ટ્રેનના કોચ વધારાય તો મેટ્રોમાં લોકોએ ભીડનો સામનો કરવો ન પડે.

### ઇસ્ટ-વેસ્ટ રૂટ પર પીકઅવર્સમાં 7 મિનિટે 1 મેટ્રો મળે છે




**થલતેજમાં સૌથી વધુ 12 હજાર મુસાફરો મેટ્રોમાં નોંધાયા**

| | |
|---|---|
| થલતેજ | 12 હજાર |
| વસ્ત્રાલ ગામ | 10 હજાર |
| ઘીકાંટા | 8500 |
| રબારી કોલોની | 8500 |
| કાલુપુર | 7 હજાર |
| જૂની હાઈકોર્ટ | 6 હજાર |
| નિરાંત ચોકડી | 6 હજાર |
| એપેરલ પાર્ક | 6 હજાર |

### જાન્યુઆરીથી ડિસેમ્બર 2025માં નોંધાયેલા પેસેન્જર

| | | | |
|---|---|---|---|
| જાન્યુઆરી | 40.21 લાખ | જુલાઈ | 44.04 લાખ |
| ફેબ્રુઆરી | 34.48 લાખ | ઓગસ્ટ | 43.79 લાખ |
| માર્ચ | 36.30 લાખ | સપ્ટેમ્બર | 44.83 લાખ |
| એપ્રિલ | 37.12 લાખ | ઓક્ટોબર | 38.19 લાખ |
| મે | 38.37 લાખ | નવેમ્બર | 41.40 લાખ |
| જૂન | 39.23 લાખ | ડિસેમ્બર | 45.96 લાખ |

**ભાસ્કર નોલેજ**

### મેટ્રોની ક્ષમતા 800ની, બેસીને 136 જઈ શકે છે

હાલ 3 કોચની મેટ્રો ટ્રેન ચાલે છે. તેની ક્ષમતા 800 મુસાફરોની છે. 136 મુસાફરો બેસી શકે છે, જ્યારે 628 લોકો ઊભા રહેવું પડે છે. મેટ્રોની ડિઝાઈન એ રીતે બનાવાય છે કે જેથી પિક અવર્સમાં વધુ લોકો ઊભા ઊભા સરળતાથી જઈ શકે.

### નવા 10 મેટ્રો રેક વધારાશે

જીએમઆરસીએ નવા 10 મેટ્રો રેકની ખરીદી કરી છે. નવા રેક આગામી દિવસોમાં તબક્કાવાર જોડાશે, જેથી મેટ્રોની ફ્રિક્વન્સી વધરશે અને જરૂરિયાત મુજબ પીકઅવરમાં 7 મિનિટના બદલે 5 મિનિટે મેટ્રો દોડાવાની યોજના છે.